ભાભી, આમ તો મારો ભાઈ રાખડી બાંધવા સિવાય કાંઇ કામનો નથી, તોય મેં ડાયમંડની રાખડી એના માટે લીધી છે !

ભગવાન અનંત રૂપે પ્રગટ થયેલા છે સમગ્ર જગત તેમની જ વિભૂતિ છે

શિવ મહિમ્ન સ્તોત્ર અંગે બોલતાં સમદર્શન આશ્રમ ખાતે બીજા દિવસના પ્રવચનમાં પૂજ્ય ગુરૂમાએ જણાવ્યું કે, 'શિવં અદ્વૈતમ્' વાસત્વમાં સર્વની અંદર વ્યાપ છે. તે મારું સ્વરૂપ હોવા છતાં હું તેનાથી અજાણ છું. શિવતત્વ મારાથી ભિન્ન નથી. મારા જ આત્મતત્વ રૂપે રહેલ છે. તે વાણી અને મનનો વિષય નથી અને સીધે સીધુ દર્શાવી શકાતું નથી.

શિવતત્વના સગુણ સ્વરૂપનો વિચાર કરીએ તો ભગવાન અનંત રૂપે પ્રગટ થયેલા છે. સમગ્ર જગત તેમની જ વિભૂતિ છે. અનેકવિધ ગુણો ધરાવતા પ્રભુનું સ્ત્રોતવ્ય કોના માટે શક્ય છે! ગુણને સામે રાખીએ તો પ્રભુના ગુણનો કોઈ પાર નથી. પ્રભુના બધા ગુણનું સંપૂર્ણ રીતે વર્ણન કોઈ કરી શકે? ભગવાન કોઈ એક દેહ ધારણ કરીને ભકતોને ઉદ્ધાર અને દુષ્ટોનો સંહાર કરે છે. ભગવાનની સંહારલીલા પણ અપરંપાર છે. તેનું સર્વાંગ સંપૂર્ણ નિરૂપણ કોણ કરી શકે ? ભગવાનનું સ્વરૂપ પણ અલૌકિક છે. શરીર પર સ્મશાનની ચિતાની રાખ વગેરે ચિત્ર વિચિત્ર અમંગળ વેશ ધારણ કરે છે છતાં તે મંગળકારી છે. શિવજીની ભક્તિમાં કોઈ અવતાર વિગ્રહમાં મન લાગી જાય તો ભગવાંભક્તના જગતના વિષયોને છોડાવીને પોતાની તરફ આકૃષ્ટ કરી માયાથી છોડાવી દે છે. આભૂષણો ભગવાનની શોભા વધારતા નથી પરંતુ આભૂષણો ભગવાનને કારણે શોભા પામે છે. સહજ વૈરાગ્ય યુક્ત જનકજી પણ ભગવાન રામને પહેલી નજરે હોઈને તેમનામાં આકૃષ્ટ થઈ જાય છે. વ્યાસજીના પુત્ર શુકદેવજીનો પણ ભગવાન શ્રી કૃષ્ણનું વર્ણન સાંભળી સમાધિભંગ થયો હતો. આમ ભગવાનના સગુણ સ્વરૂપમાં વિરકત પણ મોહિત થઈ જાય છે. આવું જ મોહક સ્વરૂપ ભગવાન શિવજીનું દક્ષિણામૂર્તિ સ્વરૂપ છે. આમ ભગવાનના સગુણ સ્વરૂપનો પાર પણ કોઈ પામી શકતું નથી. સગુણને જાણનાર ચૂપ રહી શકતા નથી, બોલવા લાગે છે, સ્તુતિ કરવા લાગે છે. ભગવાનના ગુણોનું ગાન કરવાથી વાણી શુદ્ધ થાય છે. શાસ્ત્રમાં પાંચ પ્રકારની શુદ્ધિઓ દર્શાવવામાં આવેલ છે. શુદ્ધિ એટલે અંતઃકરણમાં સત્વગુણની પ્રધાનતા. વાણીની શુદ્ધિ, મનની શુદ્ધિ, અન્નની શુદ્ધિ, ક્રિયા શુદ્ધિ અને હસ્ત શુદ્ધિ આ પાંચ પ્રકારની શુદ્ધિ છે. શુદ્ધિથી પોતાનું હૃદય રાગ-દ્વેષથી રહિત, અસત્ય રહિત અને હિંસા રહિત બની જાય છે અનેઆવુંહૃદય આરાધનાને માટે યોગ્ય બને છે. સદવિચાર, સદભાવના અને સદચિંતન દ્વારા બીજાના કલ્યાણની ભાવના, સત્ય, અહિંસા, ક્ષમા જેવા સદગુણોની પ્રાપ્તિ, સારું વાંચન, સારું ચિંતન અને સારા સંકલ્પો થકી ઈશ્વર સંબંધી શાસ્ત્રોનો વિચાર થઈ શકે છે. આમ મારું મન સતત પ્રભુનું ચિંતન છોડી પરમપિતા પરમાત્માને જ યાદ કરતું રહે તે મનની શુદ્ધિ છે. આમ વાણીથી ઈશ્વરના સગુણ કે નિર્ગુણ સ્વરૂપનું વર્ણન કરવું તે વાણીની શુદ્ધિ છે. મારી વાણી અન્યના દોષોનાં કથનમાં ન લાગે, જગતના વિષયો, વ્યકિતઓ કે પરિસ્થિતિઓનાં ગુણકથનમાં ન લાગે, પરંતુ આ સમગ્ર સંસારના સ્વામી, અનંતગુણધારક પરણ પ્રભુમાં જ લાગે તે વાણીની શુદ્ધિ છે.

અન્નશુદ્ધિનું મહત્વ સમજાવતાં પૂ. ગુરૂમાએ જણાવ્યું કે, અન્નરસમાંથી જ જીવનું સર્જન થયા છે. જીવન તેનાથી જ ટકે છે અને અંતે તેમાં જ ભળી જાય છે. શુદ્ધ કમાણીથી મેળવેલું શુદ્ધ અન્ન જ લેવું જોઈએ. કારણ કે જેવું ધન, એવું અન્ન અને એવું મન. ધન સુવિધા અપાવી શકે, સુખ નહીં. સાથે સાથે શાસ્ત્રમાં જે ભોજનએન અભક્ષ્ય બતાવેલ છે તેને ન ખાવું જોઈએ. અન્ન શુદ્ધિમાં તમાકુ, ગુટખા, શરાબ, અન્ય તામસિક ખોરાક આદિના ત્યાગનો સમાવેશ થઈ જાય છે. જેનો ત્યાગ કરવો જ રહ્યો. ચોથી શુદ્ધિ હસ્ત શુદ્ધિ છે જેમાં અનધિકારનું ગ્રહણ ન કરવું. આ હાથ ભગવાને આપ્યા છે તેને માત્ર લેવામાં જ ન વાપરું પણ અન્યને આપવાની પણ પ્રવૃત્તિ કરું. દાન કરું અને પરોપકાર અર્થે તેનાથી કર્મ કરું. પાંચમી શુદ્ધિ ક્રિયા શુદ્ધિ- કર્મ શુદ્ધિ છે. જેમાં મારો સમસ્ત વ્યવહાર શુદ્ધ થાય. મારી સર્વ ઈન્દ્રિયો ભગવદ ભક્તિમાં લાગી જાય તે જરૂરી છે. જીવન વ્યવહાર સરળ થાય તો જ પ્રભુમય જીવન પ્રાપ્ત થાય.

ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલ જિલ્લા સ્તરે હેન્ડબોલમાં ચેમ્પિયન

ગાંધીનગર તા.૨૪

ગાંધીનગર ઈન્ટરનેશનલ પબ્લિક સ્કુલના વિદ્યાર્થીઓ દિવસે દિવસે શિક્ષણ સાથે રમતગમતમાં પણ પ્રભુત્વ જમાવી રહ્યા છે. તાજેતરમાં સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ઈન્ડિયા સેકટર-૧૫ ગાંધીનગર ખાતે ગાંધીનગર જિલ્લા સ્તરે અંડર-૧૭ હેન્ડબોલ સ્પર્ધા યોજાઈ હતી. એમાં ૯ ટીમે ભાગ લીધો હતો. જિલ્લા લેવલની હેન્ડબોલ સ્પર્ધામાં શાળાના ૧૨ વિદ્યાર્થીઓ ભાગ લઈ ચેમ્પિયન બન્યા હતા. આચાર્ય તથા સંચાલક મંડળે અભિનંદન પાઠવ્યા છે.

ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજ હૅન્ડબૉલ સ્પર્ધામાં ચૅમ્પિયન

ગાંધીનગર, તા. ૨૪

ગાંધીનગર સાંઇ કોમ્પલેક્ષ ખાતે ગાંધીનગર જિલ્લા ઑપન મહિલા હૅન્ડબૉલ સ્પર્ધાનું આયોજન થયેલ હતું. જેમાં ઉમા આર્ટસ અને નાથીબા કૉમર્સ મહિલા કૉલેજની ટીમ ચૅમ્પિયન બની છે. સમગ્ર ટીમને કૉલેજ પરિવારે અભિનંદન પાઠવેલ હતા.

આર.જી. પટેલ હાઈસ્કૂલમાં રૉબોટ વિષે વાર્તાલાપ યોજાયો

ગાંધીનગર, તા. ૨૪

શ્રીમતી આર.જી. પટેલ કન્યા શાળામાં સ્માર્ટ લોજીક ગ્રુપ તરફથી વાયટેડ રૉબોટ વિશે માહિતી આપવામાં આવી હતી જેમાં ૭૦ વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો.

સ્માર્ટસ લોજીક ગ્રુપ તરફથી ડી મુવી વિશે માહિતી આપવામાં આવી હતી. હૅરી પૉટર, ટાઇટેનિક, બ્રહ્માંડ વિષે માહિતી આપવામાં આવી. રૉબોટમાં કયા કયાં બેઝિક પાર્ટસ હોય છે. રૉબોટ હીરો હોન્ડા કંપનીએ બનાવ્યો હતો. તેનું મગજ નાના બાળક જેવું હોય છે.

આચાર્ય શ્રીમતી સુધાબેન પટેલે આ કાર્યક્રમ બદલ અભિનંદન પાઠવ્યા હતા.

હોટલ ગ્રુપના અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા જોગ

ગાંધીનગર, તા. ૨૪

આઇ.ટી.આઇ. સેકટર-૧૫ ગાંધીનગર ખાતે હોટેલ ગ્રુપના વ્યવસાયોના તાલીમ વર્ગો શરૂ થનાર છે. ફૂડ એન્ડ બેવરેજીસ, ફૂડ પ્રોડકશનનો કોર્સ શરૂ થશે, ધોરણ-૧૦માં અંગ્રેજી વિષય ફરજિયાત હશે તેને પ્રવેશ મળવાપાત્ર થશે. તો આઇ.ટી.આઇ. શ્રી એન. આર ઠાકર ને મો.૯૯૭૪૭૦૩૪૦૧ નો સંપર્ક કરવા જણાવવામાં આવે છે.

જીટીયુના સાત હજાર વિદ્યાર્થીઓ એટીકેટી પરિણામના ઇંતેઝારમાં

પરિણામ ન મળે તો ડિગ્રી કોર્સમાં પ્રવેશને અભાવે એક વર્ષ બગડે તેવી ભીતિ

ગાંધીનગર, તા. ૨૪

જીટીયુના વિદ્યાર્થીઓને એટીકેટીનાં પરિણામ હજુ સુધી અપાયા ન હોવાથી ડિપ્લોમા ટુ ડિગ્રી કોર્સમાં ઍડમિશન માટે તેમનું ભાવિ અધ્ધરતાલ થઈ રહ્યાની લાગણી વિદ્યાર્થીઓ અનુભવી રહ્યા છે.

પોતાની આ સમસ્યા વ્યકત કરતાં જીટીયુના વિદ્યાર્થીઓએ જણાવ્યું છે કે, જીટીયુમાંથી છઠ્ઠા સેમિસ્ટરનું રિઝલ્ટ આવી ગયું છે અને ડિપ્લોમા ટુ ડિગ્રી કોર્સમાં પ્રવેશ માટેની કાર્યવાહીનો આરંભ પણ થઈ ગયો છે. ડિગ્રી કોર્સમાં પ્રવેશ મેળવવા માટેની છેલ્લી તારીખ ૨૭ જુલાઈ નિયત કરવામાં આવી છે.

પરંતુ સમસ્યા એ છે કે વિદ્યાર્થીઓને એટીકેટીનાં પરિણામ હજી સુધી મળ્યા નથી. એટીકેટીવાળા સાત હજાર વિદ્યાર્થીઓ છે, જે પરિણામની રાહ જોઈ રહ્યા છે, પરિણામ મળ્યું નથી અને તેઓ ડિગ્રી કોર્સમાં એડમિશન મેળવી શકતા નથી. જો પરિણામ ૨૭ તારીખ પહેલાં નહીં આપવામાં આવે તો ડિગ્રી કોર્સમાં પ્રવેશના અભાવે આ વિદ્યાર્થીઓનું આખું વર્ષ બગડશે એવી ભીતિ સેવાઈ રહી છે.

આમ ન બને તે માટે સત્વરે એટીકેટીનું રિઝલ્ટ આપવામાં આવે તેવી લાગણી અને માગણી વિદ્યાર્થીઓ દ્વારા વ્યકત કરવામાં આવી છે.

શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજ ખાતે પન્નાલાલ પટેલની જન્મ શતાબ્દિની ઉજવણી

ગાંધીનગર, તા. ૨૪

શ્રી અખિલ આંજણા કેળવણી મંડળ સંચાલિત શ્રી પી.કે. ચૌધરી મહિલા આર્ટસ કોલેજમાં ગુજરાતી વિભાગ દ્વારા ૨૦૧૨નું વર્ષ જે શ્રી પન્નાલાલ પટેલ ગુજરાતી ભાષાના જાણીતા નવલકથાકાર અને જ્ઞાનપીઠ પુરસ્કાર વિજેતા સર્જકની જન્મ શતાબ્દિ નિમિત્તે પન્નાલાલના જીવન-કવન પર આધારિત નાટ્ય રૂપાંતરને પ્રસારિત કરવામાં આવ્યું. આ નાટ્ય દર્શન દ્વારા વિભાગ દ્વારા ઓડિયો-વિઝ્યુઅલ શિક્ષણને અનુમોદન આપવાનું અને સર્જક વિશે વિગતે માહિતી આપવાનું રહ્યું છે. આ પ્રસંગે આચાર્યશ્રી ઉમાબહેન ચૌધરી દ્વારા વિભાગને માર્ગદર્શન આપવામાં આવશે અને સમગ્ર કાર્યક્રમનું આયોજન ગુજરાતી વિભાગના ડૉ. લીનાબેન સ્વાદિયા અને પ્રા. અભિષેક દરજી દ્વારા કરવામાં આવેલ હતુ. આ નાટ્ય દર્શનનો લાભ એસ.વાય.બી.એ. અને ટી.વાય.બી.એ.ની મળીને ૨૫૦ થી વધુ વિદ્યાર્થિનીઓએ લીધો હતો.

કડી સર્વ વિશ્વવિદ્યાલયના પત્રકારત્વ વિભાગ દ્વારા પરિસંવાદ યોજાયો

પત્રકારત્વનો અભ્યાસક્રમ વ્યક્તિત્વને કેળવે છે : ડૉ. શરદ વ્યાસ

ગાંધીનગર, તા.૨૪

કડી સર્વ વિશ્વવિદ્યાલય ગાંધીનગર દ્વારા પત્રકારત્વક્ષેત્રમાં કારકિર્દી ઘડતર તથા ભાવિ સંભાવનાઓ અને પડકાર સંદર્ભે જાહેર પરિસંવાદ ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્તભાઈ જહાના અધ્યક્ષ સ્થાને યોજાઈ ગયો. જેમાં પત્રકારત્વક્ષેત્રે રસ ધરાવતાં રસિકો સહિત નવયુવાનો અને વિદ્યાર્થીઓ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

ગાંધીનગર શહેર સેકટર-૧૫માં આવેલ કડી સર્વ વિશ્વવિદ્યાલય એલ.ડી.આર.પી. કેમ્પસમાં 'પોસ્ટ ગ્રેજ્યુએટ ડિપ્લોમા ઈન જર્નાલિઝમ'નો અભ્યાસક્રમ શરૂ કરવામાં આવ્યો છે. પરિસંવાદમાં પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ સહિત આ ક્ષેત્રમાં રસ ધરાવતા ગાંધીનગરના નગરજનોએ હાજરી આપી હતી.

પરિસંવાદમાં ગાંધીનગર સમાચારના તંત્રીશ્રી કૃષ્ણકાન્તભાઈ જહાએ પ્રવર્તમાન સમયમાં પ્રત્યાયન અને પત્રકારત્વના મહત્વની સાથે આજના શિક્ષણ અને પત્રકારત્વ પ્રત્યે ભારે ચિંતા પ્રકટ કરી હતી. તેમણે જણાવ્યું હતું કે શિક્ષણ અને પત્રકારત્વને સૌથી વધારે પ્રાધાન્ય આપું છું. સમાજ ઘડતરના મુખ્ય બે આધાર સ્તંભ છે. તેમાંથી એક પણ સ્થાને વિચલિત ન થવું જોઈએ. કારણ કે સમાજને સાચી દિશા આપવાનું કામ શિક્ષક અને પત્રકારનું છે. સારા નવયુવાનોને આ અભ્યાસક્રમમાં જોડાઈ અને વિદ્યાર્થીઓએ અભ્યાસક્રમ પૂર્ણ કરીને મૂલ્યનિષ્ઠ પત્રકારત્વ માટે ખેડાણ આહવાન કર્યું હતું. જ્યારે ઈએમઆરઆઈના ડાયરેકટરશ્રી ડૉ. શરદભાઈ વ્યાસે જીવનમાં પ્રત્યાયના મહત્વ કેટલું છે. પત્રકાત્વક્ષેત્રમાં રહેલ કારકિર્દી અને આ અભ્યાસક્રમથી કેળવાતા વ્યક્તિત્વ વિકાસ તથા ઉપયોગીતા વિશેની સમજ આપી હતી. આ પ્રસંગે કડી સર્વ વિશ્વવિદ્યાલયના કેમ્પસ ડાયરેકટ શ્રી સોમભાઈ પટેલ, કડી સર્વ વિશ્વવિદ્યાલય વૃતપત્રના ડાયરેકટરશ્રી મણિભાઈ પ્રજાપતિ ઉપસ્થિત રહ્યા હતા.

મહિલા આઈટીઆઈમાં પ્રવેશ માટે ૩૦મી જુલાઈએ ઉપસ્થિત રહેવા ઉમેદવારોને સૂચના

ગાંધીનગર, તા. ૨૪

મહિલા આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે એડમિશન-૨૦૧૨ માં જુદા જુદા ટ્રેડમાં ૧૩૪ જગ્યાઓ ખાલી છે. આ જગ્યા ભરવા માટે મહિલા આઈ.ટી.આઈ.નાં તમામ ઉમેદવારોએ તા. ૩૦મી જુલાઈએ અસ્સલ પ્રમાણપણો સાથે આઈ.ટી.આઈ. ગાંધીનગર ખાતે હાજર રહેવા જણાવવામાં આવ્યું છે. આર્કિટેક્ચર આસી., કૉમ્પ્યુટર ઑપરેટર કમ પ્રોગ્રામીંગ આસી., કટીંગ એન્ડ સ્યુઈંગ, ઈલેકટ્રોનિક્સ મિકેનીકલની જગ્યાઓ છે.

સી.એમ.હાઈસ્કૂલના ૪૧ વિદ્યાર્થીઓએ મેડિકલ શાખામાં પ્રવેશ મેળવ્યો

ગાંધીનગર, તા. ૨૪

શેઠ. સી.એમ. હાઈસ્કૂલ એન્ડ હાયર સેકેન્ડરી સ્કૂલમાં ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં સફળતા પામેલાં ૪૧ વિદ્યાર્થીઓને મેરીટ પ્રમાણે મેડિકલ પ્રવેશ મળેલ છે. જેથી શાળા, સંસ્થા તેમજ ગાંધીનગર શહેરનું ગૌરવ વધાર્યું છે. વિદ્યાર્થીઓને શાળા પરિવાર તરફથી અભિનંદન પાઠવેલ છે.

જીવન ચિંતન

- લક્ષ્મી વાઘવાણી

વિદ્યાર્થીઓ સાથે થતી હિંસા અને ભયાનક પરિણામ

હમણાં વિદ્યાર્થીઓ સાથે હિંસક રીતે વર્તવાના થોડા કિસ્સાઓ પ્રકાશમાં આવ્યા છે. એમાં પણ એક કિસ્સો બંગાળની જાણીતી વિશ્વ ભારતી વિશ્વવિદ્યાલયનો છે. આમ તો કિસ્સો શાળામાં ભણતી અને છાત્રાલયમાં રહેતી વિદ્યાર્થિનીનો છે. રાત્રે પથારીમાં પિશાબ થઈ જવાને કારણે છાત્રાલયનાં ગૃહમાતાએ આ વિદ્યાર્થિની સાથે ધોલધપાટ કરી અને એને કારણે આ કિસ્સાની રાષ્ટ્રીય સ્તરે નોંધ પણ લેવામાં આવી. (સ્વામી અગ્નિવેશ જેવાએ છાત્રાલયનાં ગૃહમાતાનો બચાવ પણ કર્યો હતો. શા માટે એ સમજાતું નથી !) વિશ્વભારતી વિશ્વવિદ્યાલયમાં આવો કિસ્સો બને તો એ દુઃખદ ગણાય.

આમ તો આ પ્રકારના કિસ્સાઓ- વિદ્યાર્થીઓ સાથે ધોલધપાટ કરવાના છાશ વારે બનતા હોય છે પણ એ પ્રકાશમાં આવતા નથી, કારણ કે, વિદ્યાર્થી અને વાલી બંને જણા ભીતિ સેવતા હોય છે., આ શાની ભીતી છે? જે તે શિક્ષકની ભીતિ છે કે પછી શાળાના સંચાલકોની ભીતિ છે? પોતાના સંતાનને આભ્યાસક્રમમાં અડચણ ન આવે એટલે વાલીઓ મૌન સેવવામાં ઈતિશ્રી માનતા હોય છે. જો, ખરેખર જે તે શિક્ષકની ભીતિ હોય તો ચેતવા અને સમજવા જેવું છે, સમાજ શિક્ષક પ્રત્યે આદર નથી સેવતો પણ ડર સેવે છે.!

છાપામાં દર બીજે-ત્રીજે દિવસે આ પ્રકારના સમાચાર છપાતા રહે છે કે, 'શિક્ષકે વિદ્યાર્થીને ફુટપટ્ટી વડે માર માર્યો', કે 'શિક્ષકે વિદ્યાર્થી પાસે બેભાન થઈ જાય ત્યાં સુધી ઊઠબેસ કરાવડાવી' કે 'શિક્ષકે વિદ્યાર્થીને તમાચા મારીને ગાલ લાલ કરી નાખ્યો..'વગેરે આગળ કહ્યું તેમ બધા જ કિસ્સાઓ જાહેરમાં આવતા નથી. આવા કિસ્સામાં તપાસ માટે કમિશન નીમવામાં આવે છે અને જ્યાં કમિશન નીમવામાં આવે છે ત્યાં તપાસમાં ભાગ્યે જ કશું બહાર આવે છે. (યાદ આવે છે એવો એક પણ દાખલો કે જેમાં કમિશને કોઈ નિર્ણય આપ્યો હોય! સઆદત હસન મંટોનું 'કમિશન' નામનું નાટક પણ આવો જ કટાક્ષ કરે છે.)

મુદ્દો કમિશન નીમવામાં આવે કે એના દ્વારા કોઈ નિર્ણય આપવામાં આવે એ નથી. મુદ્દો એ છે કે કમિશન નીમવામાં આવે ત્યાં સુધીની પરિસ્થિતિ પેદા શું કામ થઈ? શાળામાં અભ્યાસ કરનાર વિદ્યાર્થી કે છાત્રાલય નિવાસ કરનાર વિદ્યાર્થી ભૂલો કરવાનું છે, ભૂલો એનાથી થવાની છે. એ શું કામ ભૂલો કરે છે એ જાણ્યા વગર જ એની સાથે ધોલધપાટ કરવામાં આવે ત્યારે જે તે શિક્ષકની અસહિષ્ણુતા જ પ્રગટ થતી હોય છે!(ખાસ કરીને રાત્રે પથારીમાં પિશાબ કરનાર બાળકની માનસિકતા જુદી જ હોય છે, એ સમજવાનો પ્રયત્ન કરવો પડે..!) શિક્ષક પોતાની અસહિષ્ણુતા વિદ્યાર્થી ઉપર એની સાથે ધોલધપાટ કરીને પ્રગટ કરતાં હોય છે, એમાં શિક્ષક તરીકેનું એ સ્વમાન ગુમાવતો હોય છે !

શિક્ષકમાં કેવા ગુણ હોવા જોઈએ અને એણે કેવી રીતે વર્તન કરવું જોઈએ. એનો ઉપદેશ આપવાનો જરા પણ હેતુ અહીં નથી. એ વિશે ઉત્તમ શિક્ષકો, કેળવણીકારો અને મહાપુરુષોએ ઘણું કહ્યું છે. એટલે અહીં એ વિશે નુકતેચીની નથી. મુદ્દો માત્ર અટલો છે કે, આવા કિસ્સાઓની સંખ્યા રોજ બરોજ વધતી જાય છે. એનો અર્થ એ પણ થયો કે શિક્ષકોની અસહિષ્ણુતા વધતી જાય છે. હા, એ પણ જોવું રહ્યું કે, શિક્ષકો અસહિષ્ણુ શું કામ બને ?આજે શિક્ષણના ક્ષેત્રે જે પ્રકારનું વાતાવરણ રચાયું છે, એ વાતાવરણ અસંતોષ ઊભું કરનારું છે. અસંતોષ અસહિષ્ણુમાં પરિણમે અને ભોગ વિદ્યાર્થીએ બનવું પડે છે. હવે, આવા ભોગ બનેલા વિદ્યાર્થીઓ શું કરે ? (ગૌહાટીની યુવતી સાથે જાહેરમાં બનેલા કિસ્સો યાદ કરો) ખોટી રીતે ભોગ બનેલા વિદ્યાર્થીઓમાં સભાનપણએ અસંતોષ અને અસહિષ્ણુતા દાખલ થતા હોય છે અને એ પછી ક્યારેક જાહેરમાં પ્રગટ થાય છે. ત્યારે સમાજ માટે લાંછનરૂપ બની રહે છે. આવા કિસ્સાઓ અને આવી વ્યક્તિઓની માનસિકતા પાછળ મૂળગામી તપાસ કરવામાં આવે તો મોટાભાગના કિસ્સામાં એ પોતે પણ કાંઈ ને કાંઈ રીતે ખોટા કારણસર ભોગ બન્યા હતા. એવું બહાર આવશે.!

શાળઆ અને કોલેજોમાં શિક્ષકો દ્વારા થતી હિંસા અટકવી જોઈએ. એ આચારવામાં આવેલી હિંસા જ તે દિવસે ભયાનક સ્વરૂપ ધારણ કરીને બહાર આવશે અને પછી પસ્તાવો કરવાનો સમય પણ મળતો નથી.! એનીએ અને આ પ્રકારની હિંસા અટકાવીએ..!

દરેક વિષયમાં સંગીત કોઈ ને કોઈ રીતે સંકળાયેલું છે

સંગીત દર્શન

- ડૉ. ગૌરાંગ ભાવસાર

સંગીત એટલે ચૈતન્યશીલ કલા

ભારતમાં સંગીત શબ્દનો ઉપયોગ ગાયન, વાદન (ચર્મવાદ્યો અને સ્વરવાદ્યો) તથા નૃત્યકલાઓના અર્થમાં કરવામાં આવે છે. સંગીત મૂળ સંસ્કૃત ભાષાનો શબ્દ છે. જેની ઉત્પત્તિ 'ગૈ' ધાતુમાં 'કત્' પ્રત્યાયન સંયોગથી 'ગીત' શબ્દ બન્યો. અર્થાત્ 'ગૈ + કત = ગીત'. ગીત શબ્દના પૂર્વ 'સમ' ઉપસર્ગ લાગીને સંગીત શબ્દ બન્યો છે. અર્થાત્ 'સમ + ગૈ + કત = સંગીત' (સમ + ગીત = સંગીત).

સમનો અર્થ 'સામ્યક' અર્થાત્ સારી રીતે અને ગીતનો અર્થ 'ગાન.' એટલે કે સંગીત શબ્દનો પૂરો અર્થ સારું સુશોભિત ગાન થાય છે. સંગીત શબ્દમાં 'સમ્' ઉપસર્ગ અર્થાત સામ્યકનો હેતુ વાદન અને નર્તનથી છે. એટલે કે ગાનને અલંકારીત કરવા માટે જ્યારે તેની સાથે વાદન અને નર્તન પક્ષનો સમાવેશ થાય છે ત્યારે સંગીત શબ્દનો અર્થ પૂર્ણ થાય છે. તેથી જ સંગીતની પરિભાષા સંગીત રત્નાકરના પ્રથમ સ્વરગત અધ્યાયમાં લખ્યું છે કે, 'ગીતં વાદ્યં તથા નૃતં ત્રય સંગીત મુચ્યતે' અર્થાત્ 'ગાયન, વાદન અને નૃત્યને સંગીત કહે છે.'

સંગીત શબ્દ પૌરાણિક કાળથી ચાલી આવતો શબ્દ છે. પ્રાચીન સંસ્કૃત ગ્રંથોમાં 'સંગીત' અથવા 'સંગીતક' શબ્દનો ઉલ્લેખ મળે છે. સંગીત શબ્દમાં 'કત્' પ્રત્યય લગાવીને સંગીતક શબ્દ બન્યો છે. પ્રાચીન કાળમાં સંગીતક શબ્દ અંતર્ગત ગાયન, વાદન, નૃત્ય તથા અભિનયનો સમાવેશ કરવાથી તે સંદર્ભમાં સંગીતક શબ્દનો પ્રયોગ કરવામાં આવ્યો હશે. પરંતુ અભિનય નૃત્ય સાથે સંકળાયેલો હોવાથી તેને અલગ ન માનતા સંગીત અથવા સંગીતક શબ્દ અંતર્ગત ગીત, વાદ્ય તથા નૃત્ય આ ત્રણેનો સમાવેશ માનવામાં આવ્યો. ત્યાર પછી સંગીત મકરંદ ગ્રંથમાં સંગીતની પરિભાષા 'ગીતં વાદ્યં તથા નૃત્યં ત્રયે સંગીત મુચ્યતે' એમ થઈ.

સંગીત શબ્દના ઉત્પત્તિગમ્ય અર્થ પર વિચાર કરતાં જણાય છે કે સંગીતમાં ગીત અથવા ગાયન મુખ્ય છે તથા વાદન અને નૃત્ય વગેરેનું કાર્ય તેને સામ્યક બનાવવાનું છે. તેથી જ સંગીતમાં ગાયનને સર્વશ્રેષ્ઠ અને વાદન તથા નૃત્યને સહાયક માનવામાં આવે છે. તેથી ગાયનને સ્વતંત્ર, વાદનને ગિતાશ્રિત અને નૃત્યને વાદ્યાશ્રિત માનવામાં આવે છે.

નાટ્યશાસ્ત્રમાં પણ ગીત નાટ્યના પ્રમુખ અંશોમાંથી અન્યતમ છે તથા વાદન અને નર્તન તેના અનુગામી છે. કાલીદાસે મેઘદૂતમાં સંગીત એટલે ગીત, વાદ્ય અને નૃત્ય ત્રણેની આવશ્યકતાનો નિર્દેશ કર્યો છે. કૌટિલ્યના અર્થશાસ્ત્રમાં ગીત, વાદ્ય અને નૃત્ય, નાટ્યનો ઉલ્લેખ સહચારી કલાના રૂપમાં કરવામાં આવ્યો છે. આમ અનેક ગ્રંથોમાં સંગીતની પરિભાષા કરવામાં આવી છે અને સંગીત કલાને ચૈતન્યશીલ કલા કહેવામાં આવી છે.

સંગીત કલા એ પરમાર્થિક માર્ગમાં તો ઉપયોગી છે જ, પણ સાથે સાથે આમ આદમીના જીવનમાં તે રંગ પણ ભરી દે છે. કહેવાય છે કે 'જીવન એક સંગીત છે.' ફક્ત આ વિધાન સંગીતની દિશા દર્શાવી શકતું નથી પરંતુ સંગીત ખરેખર એક જીવન છે. સંસારનો કોઈપણ વિષય સંગીતથી અલગ રહી શકતો નથી. સંગીત સર્વવ્યાપી છે. દરેક ક્ષેત્રમાં અલગ-અલગ રૂપમાં સંગીત જોવા મળે છે. સંગીતમાં અધ્યાત્મ છે, યોગ છે, સાહિત્ય છે, વિજ્ઞાન છે, ગણિત છે, ભૌતિક શાસ્ત્ર છે, ઈતિહાસ છે, માનસ શાસ્ત્ર છે. દરેક વિષયમાં સંગીત કોઈ ને કોઈ રીતે સંકળાયેલું છે. દુખ હોય કે સુખ, શોક હોય કે આનંદ - કોઈ પણ પરિસ્થિતિમાં સંગીતનું અસ્તિત્વ સ્વીકારવું જ રહ્યું. સંગીત દુખીઓને મમતા, સુખીઓને મિત્રપ્રેમ, થકાવટને મનોરંજનની ભૂમિકા નિભાવે છે. સંગીતનું આ જ સર્વશ્રેષ્ઠ તત્ત્વ છે.

માનવજાતનું ચરમ લક્ષ્યછે આત્મલાભ.

'આત્મલાભાજ પરં વિદ્યતે'

ઉપનિષદોમાં આત્માનું નિર્માણ પંચકોષોથી બતાવવામાં આવ્યું છે. અન્નમય, પ્રાણમય, મનોમય, વિજ્ઞાનમય અને આનંદમય. પ્રથમ બે કોષ તો જીવજંતુઓમાં સામાન્યરૂપથી ઉપલબ્ધ હોય છે. શેષ ત્રણ માનવજાતિની સહજ વિભૂતિ છે. આ પાંચ કોષોમાંથી પાંચમા આનંદમય કોષનું મહત્ત્વ સર્વશ્રેષ્ઠ છે. પરમતત્ત્વનો સાક્ષાત્કાર આ જ આનંદમય કોષનું કાર્ય છે. તેથી જ વિદ્વાનોએ કહ્યું છે કે સંગીત મનુષ્ય જીવનનું એક એવું સત્ય છે કે જેના વગર જીવન આનંદ રહિત તથા નિરસ પ્રતીત થઈ શકે છે.

પાશ્ચાત્ય વિદ્વાન ઍક ડબલ્યૂ ફેબર કહે છે, 'શું સંગીત પૃથ્વી ઉપરના ઈશ્વરીય દૂતોની વિશિષ્ટ ભાષા છે ? કે પછી મહાન સત્યોને જન્મ સ્વરૂપ આપનાર કોઈક અજાણી વ્યક્તિનો અવાજ છે ? સંગીત આધ્યાત્મિક અને બૌદ્ધિક (લાગણીમય) જીવન વચ્ચેનું માધ્યમ છે.'

નવલકથાકાર મુનશી પ્રેમચંદજી સંગીત વિશે લખે છે, 'માનસિક વ્યથા જ્યારે અસહ્ય અને અસાધ્ય બની જાય છે, જ્યારે એને કોઈપણ જગ્યાએ સહારો મળતો નથી, જ્યારે એ રૂદન અને આક્રંદની ગોદમાં પણ આશ્રય પામી શકતો નથી ત્યારે એ સંગીતના ચરણોમાં જઈને ઢળે છે.'

ઍરિસ્ટોટલ કહે છે, 'મનુષ્યના જીવનમાં નીતિબદ્ધતા અને યોગ્ય યોગ્યતાના ગુણોનું આરોપણ કરવું હોય તો પ્રાથમિક શિક્ષણક્રમમાં સંગીતનું સ્થાન હોવું જોઈએ.'

ગાંધીજી માને છે કે, 'સંગીતમાં ક્રોધને નિયંત્રિત કરવાની શક્તિ છે. તેનાથી અપૂર્વ શાંતિ પ્રાપ્ત થાય છે. સંગીત હૃદય પર પોતાની અમીટ છાપ લગાવી દે છે.'

આમ, સંગીત જીવનમાં અભ્યાસથી લઈને અધ્યાત્મ માર્ગ સુધી આત્મલાભનાં દર્શન કરાવનારી કલા છે. ખરેખર, સાચા અર્તમાં સંગીત એ માનવનો સાચો અને પરમ મિત્ર છે.